જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૮/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૭૦૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૩ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૫૮૭ લીટર દેશી દારૂ, ૭૧૯ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન, ૦૧ એક્ટીવા અને ૦૧ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૦૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**નજર ચૂકવીચોરી :- સમાચાર યાદી નં.૧૭૦૬/૧૭**

**સેટેલાઇટ :** વાસુદેવભાઈ વિરજીભાઈ ઠક્કર (ઉ.વ.૪૪)(રહે,પુરૂષોતમપાર્ક સોસાયટી, ગાયત્રી મંદિર હાઈવે-રોડ ડિસા, જી.બનાસકાંઠા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૧૭ ના કલાક ૧૦/૩૦ થી ૧૦/૪૦ સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ શીવરંજની BRTS બસ સ્ટોપ ઉપર બસની ભીડ-ભાડમાં ધક્કામુક્કીમાં વાસુદેવભાઇની નજર ચુકવી, તેમનાં ખિસ્સામાં રાખેલ રોકડા રૂપિયા ૧,૦૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિક્રમસિંહ સામંતસિહ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૭૦૭/૧૭**

**રામોલ :** રીનાબેન વા/ઓ યોગેશભાઈ ચૌધરી (ઉ.વ.૨૮)(રહે,સ્વપ્નસૃષ્ટી સોસાયટી, નિરાંત ચોકડી વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે નિરાંત ચોકડી થી કર્ણાવતી મેગા મોલ તરફ જતા આઈ.ઓ.સી. દિવાલની સામેથી તેમના ઘર તરફ જતા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર બે અજાણ્યા પુરૂષ રીનાબેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૭૦૮/૧૭

**બાપુનગર :** સુનીલભાઇ નરેશભાઇ પટેલ (રહે,પાયલ પ્લાઝા ફ્લેટ, બીજો માળ હીરાવાડી રોડ બાપુનગર) કોઇ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૧૭ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મથુરભાઇ ફતાભાઇ ચલાવે છે.

**ઇસનપુર :** તુષારભાઇ જીવણભાઇ ડોડિયા (રહે.જયકૃષ્ણ સોસાયટી, રામવાડી બસ સ્ટેન્ડ પાસે, ઇસનપુર) કોઇ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૧૭ રાતના ૯/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ જીવાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.